અપીલ અરજી નં.૨૪૧ તા.૪–૧૧ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં. ૧૩બી, પ્લોટ નં.૦૯, રૂપલ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સર્વિસ સોસાયટી મનહર ડાઈગની સામે, ઉધના, સુરત. ટેના નં.૨૭એ–૦૯–૧૪૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. તા.૩૦–૪–૮૨ થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૧/૨૦૧૦–૧૧

શ્રી હસમુખલાલ રતીલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૩બી, પ્લોટ નં.૦૯, રૂપલ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સર્વિસ સોસાયટી મનહર ડાઈગની સામે, ઉધના, સુરત. ટેના નં.૨૭એ–૦૯–૧૪૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. તા.૩૦–૪–૮૨થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબતે આપના પત્ર નં.સા.ઝોન/અકણ (આર.ટી.આઈ.) /૨૫૨ તા.૪–૧૦–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે ત્રાહિત અંગે કરેલ તમામ કાર્યવાહીના કાગળો સહિત અપીલમાં આપનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૨ તા.૧૮–૧૧–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં સદર મિલ્કતમાં તેમનું હિત હોવાના આધાર પુરાવા હોય તો રજુ કરવા તથા વ્યાપક જાહેર હિતમાં માહિતી જાહેર કરવા અંગેનું વાજબીપણું રજુ કરવા તથા ત્રાહિત શ્રી શારદાબેન અને ભગવાનભાઈને પત્રમાં જણાવેલી વિગતે માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૪૨૭ તા.૩–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ઈ.ચા. ઓફિસર સીવીક સેન્ટર ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૦ તા. ૨૧–૮–૧૦ થી આકારણી અને વસુલાત વિભાગને મોકલેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની વેરાબીલની નકલ, સબરજીસ્ટાર તરફથી દસ્તાવેજ બાબતે અરજદારને આપેલ નોટીસની નકલ, ત્રાહિત તરફથી તા.૧૮–૯–૧૦ ના પત્રના જવાબની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી ઉધનાઝોન તરફથી પત્ર ન.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૬ તા.૯–૯–૧૦ થી ત્રાહિતને આપેલ રજૂઆતની તકના પત્રની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી ઉધનાઝોન તરફથી ત્રાહિતને વાંધા અંગે લખેલ પત્રની નકલ, ત્રાહિત તરફથી તા.૧૭–૯–૧૦ થી રજૂ કરેલ વાંધા ના જવાબની નકલ, ત્રાહિત તરફથી રજૂ કરેલ સને ૨૦૧૦–૧૧ ના વેરાબીલ, વેરા ભર્યાની રસીદ, ઓગષ્ટ–૨૦૧૦ ના લાઈટબીલની નકલ, કબ્જા રસીદની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને માહિતી આપ્યા અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૨૫૨ તા.૪–૧૦–૧૦ ના પત્રની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેની પહોંચ, અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૧૧–૧૦ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૩૮૦૧ તા.૩૦–૪–૮૨ ની નકલ રજૂ કરેલ છે. પરંતુ પત્રમાં જણાવ્યાનુસાર વેરાબીલ ૮૯–૯૦ ની નકલ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારે માહિતી/નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી/નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું એવું જણાવેલ. અરજદારને સદર મિલ્કતમાં હિતમાં હોવાના આધાર પુરાવા હોય તો રજૂ કરવા તથા વ્યાપક જાહેર હિતમાં માહિતી જાહેર કરવા અંગે વાજબીપણુ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને વેચાણ દસ્તાવેજ નં.૩૮૦૧ તા.૩૦–૪–૮૨ ની નકલ તા.૩૦–૧૧–૮૨ ના રોજની રજૂ કરેલ છે. જયારે ત્રાહિત શ્રી ભગવાનભાઈ મોહનલાલને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગેની વિગતો સ્પષ્ટ કરવા જણાવતા તેઓ તરફથી કોઈ પણ માહિતી રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી લખેલ પત્રના અનુસંધાને રજૂ કરેલ માહિતીમાં ત્રાહિત તરફથી સને ૨૦૧૦–૧૧ નું વેરાબીલ, નાણા ભર્યાની રસીદની નકલ, ઓગષ્ટ–૧૦ ના લાઈટબીલોની નકલ તથા કબ્જા રસીદની નકલ રજૂ કરેલ છે. જયારે ત્રાહિતના પત્રમાં ૧૯૮૪ ની સાલમાં શારદાબેન હિંમતસિંહ પરમાર પાસેથી સદર મિલ્કત ખરીદ કરેલ છે અને ત્યારથી સદરહુ મિલકતના અમો અરજદાર માલિક મુખત્યાર તેમજ કબ્જેદાર તરીકે ચાલી આવેલ છે. તથા અરજદાર સદર મિલકતના આકારણીના વેરાબીલમાં અમારું નામ કેવી રીતે ચઢાવવામાં આવેલ છે તે અંગેની માહિતી માંગેલી છે તેની સામે સખત વાંધો છે. અરજદારે અપીલ અરજીમાં સદર મિલ્કત સને ૧૯૮૨ માહે એપ્રિલ દિને–૩૦ ના રોજ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે. સદર મિલકતનું કોઈ પણ પ્રકારે વેચાણ તેમજ અન્ય કોઈ પણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી. તેમ છતાં વેરાબીલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. સને ૩૦–૪–૮૨ થી આજ દિન સુધીના મ્યુ. આકારણીના વેરાબીલમાં નામો ચઢાવવા માટે રજૂ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આપવા જણાવેલ છે.

અરજદાર શ્રી હસમુખલાલ રતિલાલ માંડવીવાલાની નામ તબદીલી દસ્તાવેજોની માંગણી સામે ત્રાહિત શ્રી ભગવાનભાઈ મોહનલાલના ઈન્કાર અંગે કોઈ દસ્તાવેજો રજૂ કરેલ નથી પણ સુમપાના કિયોસ્ક મશીન પરના પ્રિન્ટના સ્ટેટસ મુજબ ઓનર તરીકે શારદાબેન હિંમતસિંહ પરમાર તથા હોલ્ડર તરીકે ભગવાનભાઈ મોહનલાલનું નામ છે. જયારે અરજદારે સુમપાના મિલ્કતવેરાના રજૂ થયેલ સને ૨૦૧૦–૧૧ ના પાર્ટી સ્ટેટસ રજૂ કરેલ. જેમાં કર ભરવાને પાત્ર થનાર ભગવાનભાઈ મોહનલાલનું નામ છે અને તેમણે રજૂ કરેલ વેચાણ દસ્તાવેજમાં હસમુખલાલ રતિલાલનું નામ છે. અરજદારે ૧૯૮૨ થી આજ દિન સુધી વ્યવહારની માહિતી માંગેલ છે. રજૂ થયેલ દસ્તાવેજ જોતાં ૧૯૮૨ થી ૧૯૮૪ સુધી સીધા હિતધારક હતા તે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી સ્ટેટસ કે પુરાવા રજૂ કરેલ નથી. વધુમાં અત્રે એ પણ સૂચક છે કે અરજદાર શ્રી સુ.મ.ન.પા. માં હસમુખભાઈએ રજૂ કરેલ વેચાણ દસ્તાવેજ ૧૯૮૨ નો છે જેમાં મિલ્કતવેરા સ્ટેટસ મુજબ માલિક શારદાબેન વિગેરેની સહી છે. જયારે શારદાબેન વિગેરે ધ્વારા ૧૯૮૪ માં ભગવાનભાઈને કબ્જા રસીદ વિગેરે લખી આપ્યાનો પુરાવો ભગવાનભાઈએ રજૂ કરેલ છે સાથે સબ રજીસ્ટર સુરતના તા.૧૯–૩–૯૧ ના હસમુખલાલને લખેલ પત્ર અનુસાર રજૂ થયેલ દસ્તાવેજ પૂર્તતા કરવા તેમને જણાવવાનો ઉલ્લેખ છે જે સૂચવે છે કે શારદાબેન પક્ષે અરજદાર સાથે આ પ્રકારનો વ્યવહારની કાર્યવાહી થઈ હોય. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર શ્રી હસમુખલાલ સુરત મહાનગરપાલિકાના કરદાતા હોઈ તેવી કે અત્રેના મિલ્કતવેરા દફતર તેઓ મિલ્કત હિતધારક હોય તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. સબરજીસ્ટરની ૧૯–૬–૯૧ ના પત્રના અનુસંધાને હસમુખલાલે પૂર્તતા કરી હોય તેવા પણ કોઈ પુરાવા રજૂ કરેલ નથી. તેમ છતાં ૧૯૮૨ નો હસમુખલાલે શારદાબેન વિગેરે પાસેથી રજૂ કરેલ વેચાણ દસ્તાવેજ ની નકલ અને તેની સામે આ વેચાણ દસ્તાવેજ કરેલ હોવા છતાં શારદાબેન વિગેરે તરફથી ૧૯૮૪ માં ભગવાનભાઈને કબ્જા રસીદના માધ્યમથી બાબત હેઠળની મિલ્કતનો કરાર કરવાની ચેષ્ટા પ્રથમ દર્શીયરીતે વ્યાપક જાહેર હિત સાથે સુસંગત જણાતી નથી. આ સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદાર હસમુખલાલનું આ મિલ્કત યથાનુક્રમે ધારણ કરનાર બાબતે સુરત મહાનગરપાલિકાની દફતરી વિગતો મિલ્કતવેરા હેતુ સારુ નામ તબદીલ હેઠળ થયેલ હોય તે પૂરી પાડવામાં આવે તો ત્રાહિત શ્રી ભગવાનભાઈને પ્રથમ દર્શીય રીતે કોઈ હાનિ કે નુકશાન થતું હોય તેવું જણાતું નથી. તે ધ્યાને લેતાં આ નામ તબદીલી નામ બાબતેની માહિતી અને નકલો ત્રાહિતના વાંધા હેઠળ ઈન્કાર કરવાનું પ્રથમદર્શી કારણ જણાતું નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને અરજદારને મિલ્કતના હિત હોવાના પુરાવા રજૂ કરવા બાબતે તેમણે રજૂ કરેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજની નકલ તથા સને ૨૦૧૦–૧૧ ની પાર્ટી સ્ટેટસની નકલ રજૂ કરેલ. ત્રાહિતને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગેની વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જેના અનુસંધાને સદર મિલ્કત બાબતે કોઈ પણ પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ લખેલ પત્રના અનુસંધાને સદર મિલકતના માલિક તથા મિલ્કત અમારા કબ્જામાં છે એવી રજૂઆત કરેલ. આમ બંને પક્ષકાર તેમના નામે મિલ્કત હોવાનો દાવો કરેલ છે. સદર હકીકત જોતાં ફરીયાદની હકીકતના ઉતરાર્ધ ભાગમાં નિર્દિષ્ટ કરેલ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ દસ્તાવેજી ફી ભરપાઈ કર્યેથી આકારણીના વેરાબીલમાં નામો ચઢાવવા માટે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ અરજદાર શ્રી હસમુખલાલ રતિલાલ માંડવીવાલાને અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

ઉપરની વિગતે અપીલનો નિકાલ કરવામાં આવે છે. ત્રાહિત શ્રી ભગવાનભાઈ મોહનલાલને તે અંગે કોઈ નારાજગી હોય તો આ હુકમની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી આયોગ, ગાંધીનગર, સેકટર–૧૮ ને બીજી અપીલ કરવા હકદાર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હસમુખલાલ રતિલાલ માંડવીવાલા,
(૩) શ્રી ભગવાનભાઈ મોહનલાલ,